ઘરમાં રહો સુરક્ષિત રહો

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૧૫ | ૨૬ માર્ચ, ૨૦૨૦, ગુરુવાર; ચૈત્ર સુદ - ૨ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# કોરોના સામે ૨૧ દિવસનો જંગ : મોદી

**વારાણસીની પ્રજા સાથે વડાપ્રધાને વિવિધ મુદ્દે વાતચીત કરી : ગરીબ-અમીર તમામ લોકોને કોરોના પોતાના મજબૂત સકંજામાં લઈ શકે છે : ડોક્ટરો કટોકટીના સમયમાં ભગવાન સમાન છે : લોકોની સેવા કરવા અપીલ**



વારાણસી, તા. ૨૫

કોરોના વાયરસને લઈને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે દેશમાં ૨૧ દિવસના લોકડાઉનની જાહેરાત કર્યા બાદ વારાણસીના લોકો સાથે વાતચીત કરી હતી. પોતાના સંસદીય મતવિસ્તારના લોકો સાથે વાતચીત કરીને તેમના પ્રશ્નોના જવાબ પણ આપ્યા હતા. પોતાના સંબોધનની શરૂઆતમાં વડાપ્રધાને કહ્યું હતું કે, નવરાત્રિના પ્રથમ દિવસે માતા શૈલપુત્રીની પુજા થાય છે તેમને પ્રકૃત્તિની દેવી પણ કહેવામાં આવે છે. આજે દેશ જે સંકટના દોરમાં છે તેમાં અમને તેમના આશીર્વાદની જરૂર દેખાઈ રહી છે. તેમની માતા શૈલપુત્રીને પ્રાર્થના છે કે, કોરોનાની સામે દેશે જે યુદ્ધ છેડી દીધું છે તેમા અમને વિજય મળે. તેમણે કહ્યું હતું કે, કાશીના સાંસદ હોવાના કારણે કટોકટીના સમયમાં તેમની વચ્ચે રહેવાની જરૂર હતી પરંતુ દિલ્હીમાં જે થઈ રહ્યું છે તેનાથી તમામ લોકો વાકેફ છે. અહીના વ્યસ્ત કાર્યક્રમ છતાં તેઓ કાશી સાથે વારંવાર જોડાઈ રહ્યા છે. તેમણે યાદ અપાવતા કહ્યું હતું કે, મહાભારતનું યુદ્ધ ૧૮ દિવસમાં જીતવામાં આવ્યું હતું. કોરોનાની સામે જે યુદ્ધ અમે લડી રહ્યા છે તેને જીતવા માટે ૨૧ દિવસનો સમય લાગશે. મહાભારતના યુદ્ધના સમયે ભગવાન કૃષ્ણ સારથી તરીકે હતા. આજે ૧૩૦ કરોડ સારથીઓના

● અનુસંધાન પાના - ૭ પર

## મોદી કમાન્ડર અને જનતા જવાનો સમાન છે : ચિદમ્બરમ્

**૨૧ દિવસના લોકડાઉનને ચિદમ્બરમે સમર્થન આપ્યું : કટોકટીના સમયમાં બધા નિયમ કઠોર રીતે પાળીને ઘરમાં રહેવા અનુરોધ : જીવનજરૂરી વસ્તુ પર રેટ ઘટાડવા માંગ**

નવી દિલ્હી, તા. ૨૫

કોરોના વાયરસના ઈન્ફેક્શનને રોકવા માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી તરફથી દેશમાં કરવામાં આવેલા ૨૧ દિવસના લોકડાઉનની ઘોષણા પર એકબાજુ કોંગ્રેસ પાર્ટી અને કેટલાક નેતા પ્રશ્નો ઉઠાવી રહ્યા છે ત્યારે પાર્ટીના વરિષ્ઠ નેતા અને પૂર્વ નાણામંત્રી પી ચિદમ્બરમે આની પ્રશંસા કરી છે. એટલું જ નહીં ચિદમ્બરમે દેશવાસીઓને અપીલ કરી છે કે, આ મુશ્કેલ કટોકટીમાં વડાપ્રધાનને પોતાના કમાન્ડર સમજી લેવાની જરૂર છે અને અન્ય તમામ લોકો સૈનિકોની જેમ તેમની બાબતોને સારી રીતે પાળે તે જરૂરી છે. લોકડાઉનની સ્થિતિ ખુબ જ ગંભીરતાપૂર્વક હાથ ધરવામાં આવી છે. તેને પાળવામાં આવે તે જરૂરી છે. કોરોના વાયરસનો મજબૂતી સાથે સામનો કરવા માટે આ ખુબ જ જરૂરી છે. આ મુશ્કેલ સમયમાં ગરીબો, ખેડૂતો, મજુરોના બેંક ખાતામાં પૈસા જમા કરવા માટે ચિદમ્બરમે ૧૦ મુદ્દાનું સૂચન કર્યું હતું. સાથે સાથે પહેલી એપ્રિલ ૨૦૨૦ના દિવસથી તમામ જીવન જરૂરી ચીજવસ્તુઓની સેવાઓ ઉપર જીએસટી દરમાં પાંચ ટકા કાપ મુકવાની માંગ કરી છે.



ચિદમ્બરમ તરફથી આપવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, મોદી તરફથી આપવામાં આવેલા ૨૧ દિવસના દેશવ્યાપી લોકડાઉન કોરોના સામે લડવામાં એક ઐતિહાસિક પગલું છે. ૨૪મી માર્ચથી પહેલાની ચર્ચાને પાછળ છોડીને દેશવ્યાપી લોકડાઉનને એક નવી લડાઈની શરૂઆત તરીકે જોવાની જરૂર છે જેમાં વડાપ્રધાન કમાન્ડર તરીકે

● અનુસંધાન પાના - ૭ પર

## કોરોના સામે લડવા ૧.૫ લાખ કરોડનું પેકેજ તૈયાર

નવીદિલ્હી, તા. ૨૫

દિનપ્રતિદિન વધુને વધુ ખતરનાક બની રહેલા કોરોના વાયરસ સામે લડવા માટે પેકેજની તૈયારી ભારત સરકારે પણ કરી લીધી છે. કોરોના વાયરસથી બચવા માટે ૧૩૦ કરોડથી વધુ ભારતીયો લોકડાઉનની સ્થિતિમાં છે ત્યારે રાહત આપવાના હેતુસર ટૂંકમાં જ ૧.૫ લાખ કરોડ અથવા તો ૧૯.૬ અબજ ડોલરના પેકેજની જાહેરાત કરવામાં આવશે. જાણકાર લોકોનું કહેવું છે કે, પેકેજનો તૈયાર કરવાની કામગીરી ચાલી રહી છે. પેકેજની માંગ પણ ઉઠી રહી છે. સરકારે હજુ સુધી પેકેજને આખરી ઓપ આપવાની પ્રક્રિયા પૂર્ણ કરી નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદી, નાણામંત્રાલય અને રિઝર્વ બેંક વચ્ચે વાતચીત ચાલી રહી છે. નામ જાહેર નહીં કરવાની શરતે સુત્રોએ કહ્યું છે કે, ચર્ચા હજુ ચાલી રહી છે. વરિષ્ઠ સરકારી અધિકારીએ કહ્યું છે કે, સ્ટીમ્યુલસ પ્લાન ૨.૩ લાખ કરોડની આસપાસનો હોઈ શકે છે. જો કે, અંતિમ આંકડો નક્કી થયા બાદ જ જાણી શકાશે. સપ્તાહના અંત સુધી પેકેજની જાહેરાત કરવામાં આવી શકે છે.

૧૦૦ મિલિયન ગરીબ લોકોના ખાતામાં સીધીરીતે નાણાં પહોંચાડવા માટે આ પેકેજમાં રહેલી રકમનો ઉપયોગ કરવામાં આવશે. સાથે સાથે લોકડાઉનના કારણે મુશ્કેલીમાં મુકાયેલા બિઝનેસને ટેકો આપવામાં આવશે. આજે ૧૩૦ કરોડ લોકો લોકડાઉનની સ્થિતિમાં આવી ગયા હતા.

## બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સ કોરોના પોઝિટિવ : કુલ ૪૨૨ના મોત

**બ્રિટનમાં કેસોની સંખ્યા વધીને ૮૦૭૭ થઇ : કોરોના વાયરસના સકંજામાં હવે શાહી પરિવારના સભ્યો**

નવી દિલ્હી, તા. ૨૫

ખતરનાક કોરોના વાયરસના સકંજામાં દુનિયાના દેશોની સાથે સાથે બ્રિટન પણ આવી ચુક્યું છે. બ્રિટનના પ્રિન્સ ચાર્લ્સ કોરોના વાયરસ માટે પોઝિટિવ આવ્યા છે. તેઓ પહેલાથી જ સ્કોટલેન્ડમાં આઈસોલેશનમાં છે જ્યારે તેમના પત્નિ કેમિલા નેગેટિવ આવ્યા છે. થોડાક દિવસ પહેલા જ ચાર્લ્સની મુલાકાત મોનેકોના પ્રિન્સ એલ્બર્ટ સાથે થઈ હતી જે મોડેથી કોરોના પોઝિટિવ આવ્યા હતા. બ્રિટનમાં કોરોના વાયરસના પરિણામે ૪૨૨ લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે ૮૦૭૭ લોકો તેના સકંજામાં આવ્યા છે. ક્લેરેન્સ હાઉસના પ્રવક્તાએ કહ્યું છે કે, પ્રિન્સ ઓફ વેલ્સને કોરોના વાયરસ માટે પોઝિટિવ દર્શાવવામાં આવ્યા છે. તેમની બિમારીના લક્ષણ દેખાયા હતા પરંતુ શરૂઆતમાં ધ્યાન અપાયું ન હતું. જો તેઓ હવે સ્વસ્થ છે. તેઓ હાલમાં ઘરથી જ કામ કરી રહ્યા છે. દ ચેઝ ઓફ કાર્નેવોલના પણ ટેસ્ટ કરવામાં આવ્યા છે પરંતુ તેમાં કોરોનાના કોઈ લક્ષણ આવ્યા નથી. સરકારી અને મેડિકલ સલાહના આધાર પર પ્રિન્સ હાલમાં બાલમોરલ

● અનુસંધાન પાના - ૭ પર



સોશ્યલ ડિસ્ટન્સનું અનોખુ દૃષ્ટાંત - કેન્દ્રીય કેબીનેટની પ્રધાનમંત્રીના અધ્યક્ષ સ્થાને મળેલી મહત્વની બેઠકમાં સોશ્યલ ડિસ્ટન્સને પ્રાધાન્ય અપાયું હતું... દરેક મંત્રીઓની ખુરશીઓની વચ્ચે ૧ મીટરનું અંતર રખાયું હતું.... આ અનોખું દૃશ્ય સમગ્ર દેશ માટે દૃષ્ટાંત રૂપ છે. તસવીર સંદેશ આપે છે કે, કોઈને પણ મળીએ તો સલામત અંતરે મળીએ... આજના સંજોગોમાં સોશ્યલ ડીસ્ટન્સ અનિવાર્ય છે...

## ઈટાલીમાં કોરોનાથી એક દિવસમાં ૭૪૩ના મોત

**પરિવારના સભ્યો તો મૃતકોને અલવિદા પણ કરી શકતા નથી : કોરોના વાયરસના પરિણામે દુનિયામાં સૌથી ખૌફનાક હાલત હવે ઇટાલીની થઇ છે : ઇટાલીમાં મૃત્યુનો દર પણ સૌથી વધારે ૯.૮ ટકા**

રોમ, તા.૨૫

કોરોના વાયરસના કારણે દુનિયામાં સૌથી વધારે ખૌફનાક હાલત હાલમાં ઈટાલીની થયેલી છે. ઈટાલીમાં કોરોના વાયરસના કારણે ભારે હાહાકાર મચેલો છે. ચારેબાજુ કોરોના વાયરસના કારણે લાશોના ઢગલા થઈ ગયા છે. સ્થિતી એટલી હદ સુધી વણસી ગઈ છે કે મૃત્યુ પામેલા લોકોને પરિવારના સભ્યો અલવિદા કહેવાની સ્થિતીમા પણ નથી. ઈટાલીમાં દરરોજ ખુબ મોટી સંખ્યામાં લોકો સકંજામાં આવી રહ્યા છે. છેલ્લા ૨૪ કલાકમાં જ વધુ ૭૪૩ લોકોના મોત થતા લોકોમાં વ્યાપક ફફડાટની સ્થિતી રહેલી છે. ઈટાલીમાં છેલ્લા બે દિવસ સુધી સ્થિતી આંશિક સુધરી હતી પરંતુ ફરી એકવાર હાલત ચિંતાજનક બની ગઈ છે. આ પહેલા શનિવારના દિવસે એક દિવસમાં જ ૭૯૩ લોકોના મોત થયા હતા. ઈટાલીમાં ઈન્ફેકશનના મામલામાં ઘટાડો શરૂ થયા મેડિકલ અધિકારીઓ સંતોષ માની રહ્યા હતા. એમ પણ કહેવામાં આવી રહ્યુ હતુ કે ઈટાલીએ પોતાની અર્થવ્યવસ્થા અને સ્વતંત્રતાને દાવ પર લગાવી દીધા બાદ સ્થિતીમાં સુધારો થઈ રહ્યો છે. જો કે એક દિવસ બાદ જ ખુશી ફીકી પડી ગઈ હતી. ઈટાલીમાં દર્દીઓની વધતી સંખ્યાને ધ્યાનમાં લઈને દર્દીઓની જર્મનીમાં પણ સારવાર કરવામાં આવી રહી છે. ઈટાલીમાં એક દિવસમાં જ ૫૨૪૯ નવા મામલા સપાટી પર આવ્યા છે. જ્યારે કોવિડના કારણે સકંજામાં આવી ચુકેલા લોકોની સંખ્યા વધીને ૬૯૧૭૬ સુધી પહોંચી ગઈ છે. મૃત્યુ પામેલા લોકોની સંખ્યા ૬૮૨૦ સુધી પહોંચી ગઈ છે. બે દિવસ સુધી આંકડા ઘટી ગયા બાદ ઈટાલીના નેશનલ હેલ્થ ઈન્સ્ટીટ્યુટના ચીફ સિલવિયો

● અનુસંધાન પાના - ૭ પર

# દેશમાં કોરોનાનો કહેર

**કોરોના વાયરસના કારણે દેશમાં ૧૧મું મોત : કુલ કેસ ૬૦૬ : બુધવારે ૫૭ કેસ વધ્યા : તમિલનાડુમાં મુદરૈમાં ૫૪ વર્ષના દર્દીએ દમ તોડ્યો**

ન્યુ દિલ્હી,તા.૨૫

દેશના ૨૪ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશ કોરોના સંક્રમણના સંકજામાં આવી ગયા છે. સંક્રમિતોની સંખ્યા બુધવારે સવાર સુધી ૫૯૪ થઈ ગઈ છે, અને અત્યાર સુધી ૧૧ લોકોના જીવ ગયા છે. ૪૬ લોકો સાજા પણ થયા છે. તમિલનાડુના મદુરૈમાં સવારે ૫૪ વર્ષીય સંક્રમિત દર્દીનું સારવાર દરમિયાન મોત થયું છે. કોરોનાના સૌથી વધારે ૧૦૭ કેસ મહારાષ્ટ્રમાં છે, જ્યારે કેરળ ૧૦૫ કેસ સાથે બીજા નંબરે છે. મંગળવારે અડધી રાતે આગામી ૨૧ દિવસો માટે તમામ રાજ્યોમાં લોકડાઉન કરવાની વડાપ્રધાન મોદીએ જાહેરાત કરી હતી. મહારાષ્ટ્રમાં પણ કોરોના વાયરસ પોઝિટિવ કેસોની સંખ્યા વધીને ૧૧૨ થઈ ગઈ છે. ત્રણ લોકોએ પોતાના જીવ ગુમાવ્યા છે.

કોરોનાના સંક્રમણના કારણે ૧૫ દિવસમાં ૧૧ લોકોના મોત થઈ ગયા છે. બુધવારે સવારે મદુરૈમાં ૫૪ વર્ષીય કોરોના સંક્રમિત દર્દીનું મોત થઈ ગયું છે. તમિલાનડુના સ્વાસ્થ્ય મંત્રી સી વિજય ભાસ્કરે કહ્યું કે, દર્દીને લાબાં સમયથી ડાયાબિટીસ અને બ્લડપ્રેશરની સમસ્યા હતી.

આજથી દેશમાં લાગુ થયેલા ૨૧ દિવસના લોકડાઉન વચ્ચે આખા દેશમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ થકી તમામ અવર જવર પર રોક લગાવાઈ છે.

મહારાષ્ટ્રમાં સાંગલીમાં એક જ પરિવારના પાંચ સભ્યોને કોરોના થયો છે. ગુજરાતમાં દર્દીઓની સંખ્યા વધીને ૩૮ થઈ છે. ગુજરાતમાં નવા ત્રણ કેસ ગઈકાલે સામે આવ્યા હતા.

## કમલનાથે પોતાને આઈસોલેટ કર્યા

રવિવારે પ્રોફેસર કોલોનીમાં પોઝિટિવ મળી આવેલી છોકરીના પિતા પણ સંક્રમિત થયા છે. છોકરીના પિતા પત્રકાર છે. તેઓ ૨૦ માર્ચે પૂર્વ મુખ્યમંત્રી કમલનાથની પ્રેસ કોન્ફરન્સમાં સામેલ થયા હતા. જેમાં કમલનાથે રાજીનામાની જાહેરાત કરી હતી. પત્રકારમાં સંક્રમણ સામે આવવાના કારણે કમલનાથે પણ પોતાને આઈસોલેટ કરી લીધા છે.

## લોકડાઉનથી નવ લાખ કરોડનું નુકસાનની શક્યતા

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે સાંજે રાષ્ટ્રને નામ સંબોધનમાં કેટલીક બાબતોનો ખુલાસો કર્યા બાદ તૈયાર કરવામાં આવેલા રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે, બદલાયેલી પરિસ્થિતિને ધ્યાનમાં લઈને કેલેન્ડર વર્ષ ૨૦૨૦ના ગાળા દરમિયાન ભારતીય અર્થવ્યવસ્થાનો વિકાસ દર માત્ર ૨.૫ ટકા રહી જશે જ્યારે પહેલા ૪.૫ ટકાનો અંદાજ રાખવામાં આવ્યો હતો. આની સાથે જ નાણાંકીય વર્ષ ૨૦૨૦-૨૧ માટે વિકાસદરના અગાઉના અંદાજને ૫.૨ ટકાથી ઘટાડીને ૩.૫ ટકા કરી દેવામાં આવ્યો છે.

## ...તો મજબૂરીમાં ગોળી પણ મારી દઈશું : ચંદ્રશેખર

હૈદરાબાદ,તા.૨૫

તેલંગણાના મુખ્યમંત્રી કે.ચંન્દ્રશેર રાવે લોકડાઉનનું પાલન ન કરનારા લોકો સામે લાલ આંખ કરી છે. તેલંગણાની સરકારે આ આદેશનું પાલન ન કરનારા લોકોને અપીલ સાથે જણાવ્યું છે કે, જો સરકારની વાત નહીં માનો તો મજબૂરીમાં ગોળી મારવી પડી તો એ પણ કરીશું. આ વાતની ગંભીરતા જાણી તેલંગણાના મુખ્યમંત્રી ચંન્દ્રશેખર રાવે જણાવ્યું હતું કે, રાજયના લોકોને હું બહાર નહીં નિકળવાની અપીલ કરુ છું. કોઈ પણ કિંમતે રોડ પર ન દેખાતા. કોઈ પણ કોઈ પણ પ્રકારની મુશ્કેલી હોય તો, ૧૦૦ નંબર પર ફોન કરો. ગાડી તમારે ઘરે આવી મદદ કરશે. રાવે લોકોના મદદને અપીલ કરી છે. સાથે જ તેમણે કહ્યું હતું કે, જો લોકો આ વાતને ગંભીરતાથી નહીં લે તો મજબૂરીમાં ગોળી મારવાનો આદેશ પણ આપવામાં આવશે. બાદમાં જરૂર પડશે તો, સેનાને પણ બોલાવીશું.

## દેશના ૮૦ કરોડ નાગરિકોને કેન્દ્ર બે રૂ. કિલોના ભાવે ઘઉં આપશે

કોરોના વાઈરસની મહામારીના પગલે કેન્દ્ર સતત મહત્વના પગલા લઈ રહી છે. જેમાં કેબિનેટ બેઠકમાં સરકારે ૮૦ કરોડ લોકોને સસ્તું અનાજ આપવાનો નિર્ણય કર્યો છે.

કેન્દ્રીય કેબિનેટમાં નિર્ણય કરવામાં આવ્યો છે કે હવે દેશના ૮૦ કરોડ લોકોને ૨ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ઘઉં અને ૩ રૂપિયા પ્રતિ કિલોના ભાવે ચોખા આપવામાં આવશે. કોરોના વાઈરસના કારણે આ આગામી ૩ મહિના સુધી લાગું રહેશે.


પરદેશ પાર્સલ
USA, UK, AUSTRALIA, SOUTH AFRICA, CANADA
CANADA & AUSTRALIA Special Rate
M: +91 99250 88777
મોટા મંદિર તથા હીંચકાના કાર્ગો માટે ખાસ રૂબરૂ મુલાકાત લેશો
HEMANT PATEL (Director)
SPEEDAIR FREIGHT SOLUTIONS PVT. LTD
SPEEDAIR Freight Solutions
T : +91 79 40306349
Free Packing
GF: 4/5/6, Ashoka Chamber, Opp. HCG Hospital OPD Department, Nr. HCG (Old Medisurge) Hospital, Mithakhali Six Road, Ellisbridge, A'bad.
E : info@speedairglobal.com W: www.speedairglobal.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225